# સ્વચ્છતા

નીચે મુજબનાં પગલાં ભરીને, કામદારો સારી સ્વચ્છતા જાળવે તે સુનિશ્ચિત કરીને, તમે કામદારો અને અન્યોને COVID-19ના સંપર્કમાં આવવાના જોખમ સામે રક્ષણ આપી શકો છો.

તમારા કામના સ્થળ પર નિયંત્રણનાં પગલાં લાગુ કરવા સહિત COVID-19 સંબંધિત સ્વાસ્થ્ય અને સુરક્ષા બાબતો પર, તમારે કામદારો અને આરોગ્ય તથા સુરક્ષા પ્રતિનિધિઓ સાથે પરામર્શ કરવો જોઇએ.

## કામદારો અને મુલાકાતીઓની સ્વચ્છતા

તમારે, કામના સ્થળે કામદારો અને મુલાકાતીઓ સારી સ્વચ્છતા જાળવે અને નિયમિત રીતે સાબુ અને પાણીથી ઓછામાં ઓછી ૨૦ સેકન્ડ સુધી હાથ ધૂવે અને ચોખ્ખા કાગળના ટુવાલથી લુછીને કોરા કરે, તે સમેતના નિર્દેશ આપવા જોઇએ

હાથ:

- જમતાં પહેલાં અને પછી,
- ખાંસી કે છીંક ખાધા પછી,
- શૌચાલયનો ઉપયોગ કર્યા પછી, અને
- કાર્યો બદલતી વખતે અને સંભવિત દૂષિત સપાટીઓને સ્પર્શ કર્યા પછી, ધોવા જોઇએ.

જ્યારે હાથ ધોવાનું શક્ય ન હોય ત્યારે તમારે, આલ્કોહોલ આધારિત હેન્ડસેનિટાઇઝર, કે જેમાં ઓછામાં ઓછું ૬૦% ઇથેનોલ અથવા ૭૦% આઇસોપ્રોપેનોલ સક્રિય ઘટક હોય, પ્રદાન કરવા જોઇએ.

સારી સ્વચ્છતા માટે કામદારો અને મુલાકાતીઓએ:

- ખાંસી અને છીંક તેમની કોણી અથવા ટીશ્યુમાં ખાવી જોઇએ (થૂંકવું નહિં)

- તેમના ચહેરા, આંખો, નાક અને મોઢાને અડવાનું ટાળવું જોઇએ
- ટીશ્યુ અને સિગરેટના ઠૂઠા ઢાંકણાવાળી કચરાપેટીમાં નાંખવા જોઇએ
- ધુમ્રપાન કર્યા પહેલા અને પછી હાથ ધોવા જોઇએ
- ઉપયોગ કર્યા પછી ઉપકરણો સાફ અને જંતુમુક્ત કરવા જોઇએ
- શરીર, વાળ અને ચહેરા પરના વાળ અને કપડાં દરરોજ સારી રીતે ધોવા જોઇએ, અને
- જાણી જોઇને કોઇ શારીરિક સંપર્ક કરવો જોઇએ નહિ, જેમકે હાથ મિલાવવા

સ્વચ્છતાના પરિણામોને સુધારવા:

- ચેપી રોગને ફેલાતો અટકાવવા માટે, નીતિઓ બનાવતી વખતે તમારા કામદારોની સલાહ લો અને આ નીતિઓ તમારા કામદારોને જણાવો
- બધાના ઉપયોગના વિસ્તારોમાં પ્રવેશતા પહેલા અને ત્યાંથી બહાર નીકળતા પહેલા, સાચી રીતે હાથ ધોવાના મહત્વ પર કામદારોને તાલીમ આપો
- હાથ ધોવા, કોરા કરવા અને હેન્ડસેનીટાઇઝર વાપરવાની યોગ્ય રીત દર્શાવતા પોસ્ટરો લગાવો, અને
- બધાના ઉપયોગના વિસ્તારોનો ઉપયોગ કરતી વખતે અપેક્ષિત સ્વચ્છતાના ધોરણોની કામદારોને જાણકારી આપો (પોતે વાપરેલું પોતે સાફ કરો, કચરો આપેલી કચરાપેટીમાં નાંખો, જમવાની સપાટીઓ પર ફોન જેવી વસ્તુઓ મૂકવાનું ટાળો)

અમલમાં મૂકવામાં આવેલા સ્વચ્છતા માટેનાં પગલાંઓનું પાલન થાય અને તે અસરકારક રહે તે માટે, તમારે નિયમિત રૂપે તેનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરતાં રહેવું જોઇએ.

## સ્વચ્છતા માટેની સુવિધાઓ

સ્વચ્છતા માટેની સુવિધાઓ પૂરતી, સુલભ, સારી રીતે કાર્યરત અને ઉપયોગ માટે સુરક્ષિત છે, તે તમારે સુનિશ્ચિત કરવું જોઇએ.

ધોવા માટેની સુવિધા, (કપડાં) બદલવા માટેના ઓરડા અને ભોજન વિસ્તારો વધારવાની જરૂરિયાત છે કે કેમ, તે તમારે ચકાસવું પડશે. કામદારો સારી સ્વચ્છતા જાળવી શકે તે માટે,

અનુકૂળ સ્થળોએ યોગ્ય સંખ્યામાં હાથ ધોવાની સુવિધાઓ ઉપલબ્ધ હોય, તે તમારે સુનિશ્ચિત કરવું પડશે.

જ્યારે હાથ ધોવાની સુવિધા મર્યાદિત હોય, ત્યારે પ્રવેશ અને પ્રસ્થાનના સ્થળોએ હેન્ડસેનિટાઇઝિંગની સુવિધા આપી શકાય છે.

ધોવાની સુવિધા માટે ટોયલેટ પેપર, સાબુ, પાણી અને કાગળના ટુવાલ જેવો પૂરતો પુરવઠો હોવો જોઇએ.

જરૂરી સુવિધાઓની સંખ્યા નક્કી કરવા માટે, જેતે સ્થળે કામદારોની સંખ્યા, પાળીની વ્યવસ્થા અને ક્યારે પ્રાપ્ય હોવું જરૂરી છે, તે ઉપરાંત હંગામી ધોરણે ઘટાડા પછી કામે પાછા વળી રહેલા કોઇ પણ કામદારોને ધ્યાન પર લેશો.

જો શારીરિક અંતર જાળવવા નવો ભોજનનો કે બધાને ઉપયોગમાં લેવાનો વિસ્તાર બનાવવી રહ્યા હોવ તો, તે કામના સ્થળથી સુલભ, પર્યાપ્ત રીતે સજ્જ (ઉ.દા. પીવાનું પાણી, કચરાપેટી), અને તત્વો, પ્રદુષકો અને જોખમોથી સુરક્ષિત છે, તે સુનિશ્ચિત કરો. બધાના ઉપયોગના વિસ્તારમાં હવાની ફેર બદલી કરવા અને એરકંડીશનર મારફતે એકની એક હવા ફરતી ઘટાડવા માટે જો શક્ય હોય તો, બારીઓ ખોલવાનું અથવા એરકંડિશનની માત્રા યોગ્ય કરવાનું વિચારો.

## વધુ માહિતી

વધુ માહિતી માટે Safe Work Australia website પર જશો.